## ભિલોડામાં તસ્કરો ત્રાટક્યા

ભિલોડા, તા. ૧૮

ભિલોડામાં સાનિધ્ય બંગ્લોઝમાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા અને તેમની ચોરીની કળા કરીને રૂ. ૬૫૦૦૦ની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ભિલોડામાં દિન-પ્રતિદિન ચોરીનો ઉપદ્રવ વધતો જાય છે. પ્રજાજનોમાં ભયની લાગણી વ્યાપેલી છે.

ભિલોડાના હાર્દસમા વિસ્તારમાં સાનિધ્ય બંગ્લોઝમાં તસ્કરો રૂ. ૬૫૦૦૦નો મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. તાળુ તોડી રૂમમાં પ્રવેશ કર્યો હતો. સોના-ચાંદીના દાગીના, ૧૨ નંગ સાડી, ટીવીની ચોરી કરી હતી. ઉષાબેન જગજીવનભાઈ ઘોઘારીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોસઈ એમ.આર. સંગાડાએ તપાસ હાથ ધરી છે.

## ભિલોડામાં શારીરિક સોષ્ઠવ દિન ઉજવાયો

ભિલોડા, તા. ૧૮

એકલવ્ય રેસીડેન્સી સ્કૂલ શામળાજી ખાતે શારીરિક સોષ્ઠવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રમતગમત અધિકારી દ્વારા શારીરિક સોષ્ઠવ દિવસ એટલે યોગ વિષે બાળકોને તાલીમ આપવામાં આવી હતી. યોગ કરવાથી થતા ફાયદાની જાણકારી આપી હતી. જેમાં વ્રજાસન, શ્વાસોશ્વાસની ક્રિયા, ચક્રાસન, વૃક્ષાસન, અર્ધચક્રાસન જેવા યોગોની તાલીમ આપવામાં આવી હતી. જિલ્લા રમતગમત અધિકારી શ્રીમતી હર્ષાબેન ઠાકોર, એકલવ્ય રેસીડેન્સી સ્કૂલના આચાર્ય ભુપેન્દ્રભાઈ ડાભી, કુલદીપભાઈ, મનીષાબેન, મહમ્મદભાઈ, સુરેન્દ્રભાઈ, અર્જુનભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુર ના જેલ અધીક્ષકની રાષ્ટ્રપતિ એવોર્ડ માટે પસંદગી થતાં ખુશીની લહેર

૭૧માં સ્વાતંત્ર્ય દિવસ નિમત્તે ભારત સરકાર દ્વારા સારી કામગીરી બદલ રાષ્ટ્રપતિ એવોર્ડ માટે પસંદગી કરાઈ છે જિલ્લા મથક પાલનપરમાં જિલ્લા જેલના ઈન્ચાર્જ જેલ અધિક્ષક બી બી ઝાલાને સારી કામગીરી બદલ એવોર્ડની પસંદગી થતા આનંદ લાગણી છવાઈ છે. ભારતમાંથી ૭ એવોર્ડ જેલ અધિક્ષકને રાષ્ટ્રપતિ એવોર્ડ પસંદગી થઈ છે. પાલનપુરના સબજેલના ઈન્ચાર્જ જેલ અધિક્ષકને રાષ્ટ્રપતિ એવોર્ડની પસંદગી થઈ છે સરકારી ફરજ પ્રત્યેની નિષ્ઠા, વફાદારી અને ઉમદા કાર્ય પ્રણાલીને ધ્યાન માં લઈને સમગ્ર દેશમાંથી અધિકારીઓ અને કર્મચારીઓની રાષ્ટ્રપતિ એવોર્ડની જાહેરાત કરવામાં આવતી હોય છે ત્યારે પાલનપુર સબજેલમાં ઈન્ચાર્જ અધિક્ષક તરીકે ફરજ બજાવતા બી બી ઝાલાએ સબજેલના કેદીઓ સાથે થી ઉમદા કાર્ય પ્રણાલી અને તેમજ જીવન પરિવર્તન અંગે સેમિનાર યોજી કેદીઓમાં લાવેલ બદલાવ બદલ સ્વૈચ્છિક સંસ્થાઓ માધ્યમ મેડિકલ કેમ્પ સહિત જુદી જુદી એક્ટિવિટીની ભારત સરકારે નોંધ લીધી છે ઈન્ચાર્જ જેલ અધિક્ષક બી.બી. ઝાલાએ રાષ્ટ્રપતિ એવોર્ડની પસંદગી બદલ ખુશી વ્યકત કરી હતી.

# ચૂંટણી પરિણામોને પડકારીને બળવંતસિંહ દ્વારા પિટિશન દાખલ

ગાંધીનગર, તા. ૧૮

કોંગ્રેસમાંથી છેડો ફાડી ભાજપમાં જોડાઈ ભાજપના ઉમેદવાર તરીકે રાજયસભાની ચૂંટણીમાં ઉભા રહી કારમી હારનો સામનો કરનાર બળવંતસિંહ રાજપૂતે આખરે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન કરી છે. રાજપૂતે રાજયસભાની ચૂંટણીની પરિણામને પડકાર્યુ છે અને સાથે સાથે કોંગ્રેસના વિજયી ઉમેદવાર એહમદ પટેલના પરિણામને રદબાતલ ઠરાવવા પણ દાદ માંગી છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ રજા પર હોઈ બળવંતસિંહ રાજપૂત તરફથી આ પિટિશનના અરજન્ટ હીયરીંગ માટે જસ્ટિસ એમ.આર.શાહ સમક્ષ મેન્શનીંગ કરવામાં આવ્યું હતું. બાદમાં કેસની સુનાવણી તા. ૨૧મી ઓગસ્ટે મુકરર કરવામાં આવી હતી. બળવંતસિંહ રાજપૂતે કોંગ્રેસના જે બે બળવાખોર ધારાસભ્યોએ તેમની તરફેણમાં મતો આપ્યા હતા અને એ બે મતો કોંગ્રેસે લીધેલા વાંધા બાદ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા રદ કરવામાં આવ્યા હતા તે વિવાદીત નિર્ણયને પણ રદબાતલ ઠરાવવા અરજીમાં દાદ માંગવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, તા. ૮મી ઓગસ્ટે રાજયસભાની યોજાયેલી ચૂંટણીમાં ભાજપના અમિત શાહને ફર્સ્ટ પ્રેફરન્સના ૪૬, ભાજપના જ સ્મૃતિ ઈરાનીને પણ ૪૬ વોટ અને કોંગ્રેસના એહમદ પટેલને ૪૪ વોટ મળતાં તેઓ વિજયી ઉમેદવાર તરીકે જાહેર કરાયા હતા, જયારે બળવંતસિંહ રાજપૂતને ૩૮ મતો મળતાં તેઓને હારેલા ઉમેદવાર ઘોષિત કરાયા હતા. બળવંતસિંહ રાજપૂત તરફથી કરાયેલી પિટિશનમાં એવા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા છે કે, કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો રાઘવજી પટેલ અને ભોળાભાઈ ગોહિલના મતો તેમને પડયા હતા પરંતુ કોંગ્રેસે લીધેલા વાંધા બાદ કેન્દ્રીય ચૂંટણી પંચે તે મતો રદ કરી દીધા હતા જે નિર્ણય બિલકુલ અયોગ્ય, ગેરકાયદે અને રદબાતલ થવાપાત્ર છે કારણ કે, એક વખતે મત જયારે મતપેટીમાં પડી જાય અને જયારે રિટર્નીંગ ઓફિસરે તેની સ્વીકારી લીધા હોય પછી તેમાં દરમ્યાનગીરી કરવાની ચૂંટણી પંચને કોઈ સત્તા જ નથી. જો કોઈને મત સામે વાંધો હોય તો કાયદામાં નિર્દિષ્ટ જોગવાઈ મુજબ, ઈલેકશન પિટિશન પાછળથી કરી શકે. તેમણે એહમદ પટેલ પર ગંભીર આક્ષેપ કર્યા હતા કે, એહમદ પટેલ ભ્રષ્ટ પ્રેકટીસ આચરવા સંડોવાયેલા છે. તેમણે કોંગ્રેસના ધારાસભ્યોને બેંગ્લેરૂ ખાતેના રિસોર્ટમાં કેદ રાખી તેમની પાછળ લાખો રૂપિયાનો મનોરંજનનો ખર્ચ કર્યો છે અને આમ, એહમદ પટેલ તેમની આ કરપ્ટ પ્રેકટીસથી વિજયી બન્યા છે નહી કે, મતદારોની મુકત ઈચ્છાના કારણે. રાજપૂતે કોંગ્રેસના જે બે ધારાસભ્યોએ એહમદ પટેલને મત આપ્યા હતા તે એ ગ્રાઉન્ડ પર રદ કરવાની માંગણી પિટિશનમાં કરી છે કે, કોંગ્રેસના એ બંને ધારાસભ્યોએ પણ કોંગ્રેસના અધિકૃત એજન્ટ સિવાય બીજા વ્યકિતઓને પોતાના મત બતાવ્યા હતા. આ પરિસ્થિતિમાં તેમના મત વધી જાત અને તેઓ વિજયી જાહેર થાત પરંતુ કેન્દ્રીય ચૂંટણી પંચના અન્યાયી નિર્ણયના કારણે તેઓ હાર્યા છે. આ સંજોગોમાં હાઈકોર્ટે એહમદ પટેલની ચૂંટણી રદ કરી તેમને છ વર્ષ માટે ચૂંટણી લડવા ગેરલાયક ઠરાવી તેમના સ્થાને પોતાને વિજયી જાહેર કરવા રાજપૂત દ્વારા પિટિશનમાં દાદ માંગવામાં આવી હતી.



**ખેડબ્રહ્મામાં શિતળા માતાના દર્શને શ્રદ્ધાળુઓ ઉમટ્યા**

ખેડબ્રહ્મામાં સોમવારે શીતળા સાતમની ઉજવણી કરવામાં આવી હતી. શિતળા માતાજીના મંદિરે વહેલી સવારે ચાલુ વરસાદે શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી હતી. નટવરભાઈ પટેલ, રેવાભાઈ પટેલ, દિગ્વિજયસિંહ રાઠોડ, નવનીતભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.

## પાલનપુર ખાતે ૨૯મી સપ્ટેમ્બરે ડાક અદાલત

પાલનપુર, તા. ૧૮

સુપ્રિન્ટેન્ડન્ટ પોસ્ટ ઓફીસ, બનાસકાંઠા ડિવીઝન, પાલનપુર દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે બનાસકાંઠા પોસ્ટલ ડિવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા, બચતબેંકના પ્રશ્નોનો નિકાલ કરવા તા. ૨૯-૯-૨૦૧૭ના રોજ સવારે ૧૧ કલાકે અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે ફરિયાદ/ આવેદન પત્ર ડેપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, ઓફીસ ઓફ ધી સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસ, બનાસકાંઠા ડિવીઝન પાલનપુરને તા. ૧૦-૯-૨૦૧૭ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવાયું છે. ત્યારબાદ આવેલ ફરિયાદ/આવેદનપત્ર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

## ઈડર અને વડાલી ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના યુવાધનને રોજગારી પ્રાપ્ત થાય અને પોતાનુ ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે તે માટે રાજ્ય સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપ જિલ્લા રોજગાર કચેરી સાબરકાંઠા દ્વારા રોજગાર ભરતી મેળાનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૨૩ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ ઈડરની મહિલા આઈટીઆઈ તથા તા. ૩૦ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ વડાલી આઈટીઆઈ ખાતે સવારે ૧૦ કલાકે ભરતી મેળો યોજાશે. જેમાં વિવિધ કંપનીઓના નોકરી દાતાઓ હાજર રહેનાર હોય જિલ્લાના યુવક-યુવતીઓને પોતાના બાયોડેટા સાથે હાજર રહેવા જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

# ધાનેરામાં પૂર પીડિતને સહાય ન મળતા આત્મહત્યાની કોશિશ

### ગંભીર રીતે દાઝેલા પૂર પીડિતને સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યો

ધાનેરામાં પૂર પીડિતને સહાય ન મળતા પૂરપીડિતે આત્મહત્યાની કોશિશ કરતા સમગ્ર ધાનેરા શહેરમાં ચકચાર મચી જવા પામી છે ત્યારે ગંભીર રીતે દાઝેલા પૂર પીડિતને સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યો છે.

ધાનેરામાં ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર ધ્વરા કરોડો રૂપિયાની સહાય પૂર પીડિતો માટે જાહેર કરી છે પરંતુ સાચા પૂરગ્રસ્તો સુધી હજુ સુધી સહાય ન પહોંચી હોવાના સુર સાંભળવા મળી રહ્યા છે ત્યારે ધાનેરામાં એક યુવકને પૂરમાં તમામ સામગ્રી તણાઈ જવા પામી હતી અને પશુઓ પણ પાણીમાં તણાઈ જતા યુવક પાયમાલ બની ગયો હતો અને સરકાર પાસે સહાયની આશા રાખી બેઠો હતો. પરંતુ આજે ૨૫ દિવસ જેટલો સમય વીત્યો છતાં પણ આ યુવકને સહાય ન મળતા યુવકે આખરે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું ભોગ બનનારના પરિવારજનોએ જણાવ્યું હતું કે જો સરકારે સહાય આપી હોત તો આજે અમારે આ દિવસ ન જોવા પડત આજુ બાજુ થી લોકો દોડી આવ્યા હતા અને યુવક ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડ્યો હતો જ્યાં ફરજ પરના તબીબ ધ્વરા પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે પાલનપુર રીફર કર્યો હતોપૂરગ્રસ્ત લોકો ને સરકાર વહારે આવે અને વધુ જાનહાની સર્જાય તે પહેલા સરકાર કૈક કાર્યવાહી કરે અને પૂરપીડિતો ને બચાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.




# ઈતિહાસમાં સૌપ્રથમવાર એક સાથે ૬૫૦થી વધુ ભૂદેવોને બ્રહ્મ ગૌરવ એવોર્ડ અપાશે

અમદાવાદ, તા.૧૮

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ-રાજ્યકક્ષા દ્વારા ગુજરાતમાં વસતા બ્રાહ્મણોમાં રહેલી પ્રતિભાઓ અને બ્રહ્મ વિભૂતિઓને સન્માનવાનો કાર્યક્રમ 'બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭' વિતરણ સમારોહ તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૧૭ને રવિવારે અમદાવાદ શહેરમાં આવેલા પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઓડીટોરિયમ ખાતે રાખવામાં આવ્યો છે. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાના કાર્યકારી પ્રમુખ પ.પૂ.ચૈતન્ય શંભુ મહારાજે જણાવ્યું હતું કે, 'સમગ્ર ગુજરાતમાં પ્રથમવાર સુવિખ્યાત બ્રહ્મ પ્રતિભાઓની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાતમાં વસતા બ્રહ્મતેજને પોંખવાનો અને જ્ઞાતિગૌરવના જયઘોષ સાથે બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭ યોજાશે, તે બ્રહ્મસમાજ માટે ગર્વની વાત છે. સમાજ દ્વારા સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું સન્માન થશે, તે ગુજરાતના ઈતિહાસમાં અવિસ્મરણીય પળ હશે.'

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના મહામંત્રી શ્રી યજ્ઞેશ દવેએ જણાવ્યું હતું કે, 'બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭માં અલગ-અલગ ૨૦ કેટેગરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ધાર્મિક-કર્મકાંડ, શિક્ષણ, સામાજીક જીવન, રાજનીતિ, પોલીસ સર્વિસિસ, સંગીત, ગાયક, કલા (ચિત્રકલા), વ્યાપાર, પત્રકાર, કવિ, લેખક, વકીલાત, ડોક્ટર, પરદેશનાં વ્યાવસાયિક, મરણોત્તર બ્રહ્મ શ્રેષ્ઠી, રમત-ગમત, સાયન્સ ટેકનોલોજી, એકટીંગ કલા (મેઈલ) એકટિંગ કલા (ફીમેઈલ)નો સમાવેશ કરવામાં આવ્યો છે. 'બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭'માં દરેક કેટેગરીમાં કુલ ત્રણ એમ ૬૦ જેટલા ભૂદેવોનું બ્રહ્મ ગૌરવ એવોર્ડથી સન્માન કરવામાં આવશે.'

શ્રી યજ્ઞેશ દવેએ વધુમાં જણાવ્યું હતું કે, '૧૫ જુલાઈ ૨૦૧૭ સુધીમાં દરેક કેટેગરીના કુલ ૬૫૦થી વધુ નોમીનેશન સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજની ઓફિસે મળ્યાં હતાં. જેમાંથી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજની કમિટિ દ્વારા દરેક કેટેગરીમાં ત્રણ એમ કુલ ૬૦ ભૂદેવોને બ્રહ્મ ગૌરવ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય બ્રહ્મતેજને (ભૂદેવોને) મેડલ તથા સન્માનપત્ર આપવામાં આવશે.' એક જ જ્ઞાતિના ૬૫૦થી વધુ લોકોનું સન્માન થતું હોય તેવો ભારતમાં આ પ્રથમ પ્રસંગ હોવાથી આ સમારોહમાં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના પ્રતિનિધિઓ હાજર રહેશે, આ સમારોહને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળશે.



**ઘાણા ગામે ઘાસની ભરેલી ટ્રકમાં આગ લગતા લોકોમાં અફરા તફરી**

ઘાણા ગામે ઘાસની ભરેલી ટ્રક માં આગ લગતા લોકોમાં અફરા તફરી મચી ગઈ હતી તો બીજી તરફ ગામના સરપંચ સહીત તાત્કાલિક પાણી નું ટેન્કર લાવી આગ પર પાણી મારો કરતા આગ કાબુમાં આવી હતી. લાખણી તાલુકા ના ઘાણા ગામે ઘાસ ની ગાંસડી ભરી ને ટ્રક આવી રહી હતી તે સમય ઘાણા ગામમાં પસાર થતી વીજ લઈને આ ગાડી આદિ જતા ગાડી માં આગ ભભૂકી ઉઠી હતી અને લોકો માં ભારે દોડધામ મચી જવા પામી હતી ત્યારે ગામના સરપંચ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક ગામમાંથી પાણી નું ટેન્કર બોલાવી આગ પર પાણી નો મારો ચાલુ કર્યો હતો અને થોડા સમય માં આગ કાબુમાં આવી જતા ગામલોકોએ રાહત નો શ્વાસ લીધો હતો.

# બાયડ તાલુકા પંચાયતના કોંગી સભ્યોને તોડવાનો હિન પ્રયાસ

### ૯ સભ્યો ભાજપમાં જોડાયા હોવાના દાવા સામે કોંગ્રેસનો ૬ સભ્ય પરત ફર્યાનો દાવો : ૩ને ગોંધી રાખ્યાનો આક્ષેપ

બાયડ, તા. ૧૮

અરવલ્લી જિલ્લાની બાયડ તાલુકા પંચાયતમાં કોંગ્રેસની સત્તા છે પરંતુ ગઈકાલે કોંગ્રેસના કુલ ૧૬માંથી નવ સભ્યો ભાજપમાં જોડાઈ ગયા હોવાનો ભાજપે દાવો કરતાં ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવી ગયો હતો. બીજીબાજુ, આજે કોંગ્રેસે તાબડતોબ પત્રકારપરિષદ બોલાવી જાહેર કર્યું હતું કે, નવ પૈકીના છ સભ્યો કોંગ્રેસમાં પરત આવી ગયા છે અને જે બાકીના ત્રણ સભ્યો છે, તેઓને ભાજપે ગોંધી રાખ્યા છે. સત્તાની લાલચમાં ભાજપ ગમે તે હદે જઈ શકે છે તેવો ગંભીર આરોપ કરવાની સાથે સાથે કોંગ્રેસે સ્પષ્ટ કર્યું હતું કે, બાયડ તાલુકા પંચાયતમાં તેમની સત્તા સુરક્ષિત છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અગ્રણી બાલુભાઈ પટેલ અને કોંગ્રેસ લીગલ સેલના વાઈસ ચેરમેન પંકજ ચાંપાનેરીએ જણાવ્યું હતું કે, ભાજપે સત્તાની લાલચમાં જેમ રાજયસભાની ચૂંટણી વખતે કોંગ્રેસના ધારાસભ્યોને ખરીદવાની અને તોડફોડની જે ગંદી રાજનીતિ હતી, તે હજુ ચાલુ રાખી છે અને બાયડ તાલુકા પંચાયતની કોંગ્રેસની સત્તા ડિસ્ટર્બ કરવાનો ભાજપ દ્વારા હીન પ્રયાસ કરાયો હતો. જો કે, કોંગ્રેસમાંથી ગયેલા નવ સભ્યો પૈકી ત્રણ સભ્યો ડાહીબેન પરમાર, અશ્વિન પટેલ અને હીરાબેન ચૌહાણ પાછા આવી ગયા હતા. જયારે વધુ ત્રણ સભ્યો ઉદેસિંહ મકવાણા, દિનેશ પટેલ અને ભગીરથસિંહ ચૌહાણ આજે પરત આવી ગયા છે. બાકીના ત્રણ સભ્યા દિલીપ પ્રેમજીભાઈ, કાન્તાબેન રમણભાઈ અને શોભનાબહેન રાજેશકુમારને ભાજપે કયાંકે ગોંધી રાખ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યોની પક્ષ સાથે ગેરશિસ્ત સાંખી નહી લેવાય અને જો તે પુરવાર થશે તો, તેઓની વિરૂધ્ધમાં પક્ષાંતર ધારા હેઠળ તેઓને ગેરલાયક ઠરાવવાની કાયદાનુસાર પ્રક્રિયા પણ હાથ ધરાશે. જો કોઈ સભ્ય જે પક્ષના નિશાન પર ચૂંટાયો હોય અને તે પક્ષનો સ્વેચ્છાએ ત્યાગ કરે અથવા તો બીજા પક્ષમાં જોડાય તો તેઓની વિરૂધ્ધમાં પક્ષાંતર ધારાની કલમ ૮૬(૩) હેઠળ ગેરલાયક ઠરાવવાની કાર્યવાહી થઈ શકે છે. ભાજપે સત્તાની લાલચમાં કોંગ્રેસના સભ્યો તોડી તાલુકા પંચાયતની સત્તા મેળવવાનો હીન પ્રયાસ કર્યો પરંતુ તેમાં તે સફળ થયું નથી. ભાજપના ગંદા રાજકારણનો હીન ચહેરો ગુજરાતની પ્રજા સમક્ષ વધુ એકવાર ખુલ્લો પડી ગયો છે. પ્રદેશ કોંગ્રેસ પ્રવકતા મનીષ દોશીએ આક્ષેપ કર્યો હતો કે, તમામ મોરચે નિષ્ફળ નીવડેલી ભાજપ સરકાર સત્તાનું સિંહાસન ટકાવવા દમનની રાજનીતિ કરી રહ્યુંછે. સમાજના તમામ વર્ગોના હક્ક અને અધિકાર છીનવનાર ભાજપ સામે ગુજરાતની પ્રજાએ પરિવર્તનનું મન બનાવી લીધુંછે.

### ભરડામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૩-૩, રાજકોટ, વડોદરા, જામનગર, ભરુચ, મહેસાણા, ગીર-સોમનાથ, અમરેલી, જીએમસી, ખેડામાં ૨-૨ કેસો નોંધાયા છે. જ્યારે સુરેન્દ્રનગર, પાટણ, બીકે, વલસાડ, બોટાદ, અરવલ્લી, પોરબંદર, મોરબી અને છોટાઉદેપુરમાં એક એક કેસ સપાટીએ આવ્યા છે. આજે જે ૧૨ લોકોના મોત થયા છે તે પૈકી એએમસીમાં ૦૪, વીએમસીમાં ૦૪, અમદાવાદ, મહેસાણા, જીએમસી, પાટણમાં ૧-૧ વ્યક્તિના મોત થયા છે. સારવાર હેઠળ રહેલા લોકોની સંખ્યા હજુ પણ ૧૨૯૯ જેટલી છે જ્યારે સારવાર લીધા બાદ સ્વસ્થ થઈ ચુકેલા લોકોની સંખ્યા ૯૫૯ જેટલી આંકવામાં આવી છે. આગામી દિવસોમાં સ્વાઈન ફલુ હાલ કાબુમાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

તંત્રના તમામ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. ખુદ સરકારના આંકડા પ્રમાણે, રાજયભરમાં અત્યારસુધી સ્વાઈન ફલુના કારણે ૨૪૨થી વધુ લોકોના મોત થયા છે, જો સરકારનો આંકડો આટલો મોટો હોય તો, રાજયનો સ્વાઈન ફલુ પોઝીટીવના અને મૃત્યુનો આંક કેટલો ઉંચો હોઈ શકે તે સ્વાભાવિક રીતે સમજી શકાય એમ છે. સ્વાઈન ફલુના ભરડામાં અમદાવાદ, વડોદરા, મહેસાણા, જુનાગઢ, આણંદ, પાટણ સહિતના વિસ્તારો આવી ગયા છે. નવા વિસ્તારો પણ ઉમેરાઈ રહ્યા છે. રાજયના જુદા જુદા શહેરો અને વિસ્તારોમાં મૃત્યુઆંક વધવાનો દોર આજે પણ જારી રહ્યો હતો. તો, સ્વાઈન ફલુના કારણે વધતા જતાં મૃત્યુ આંક વચ્ચે સ્વાઈન ફલુ પોઝીટીવના દર્દીઓની સંખ્યા પણ ચિંતાજનક રીતે વધી રહી છે.

### હુમલાનો પ્રયાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓ ઓપરેશનમાં છ નાગરિકો અને એક પોલીસ અધિકારીને ઈજા થઈ હતી. પોલીસે કહ્યુ છે કે કેમ્બ્રિલ્સ કાવતરુ પણ વેન અટેક સાથે કનેક્શન ધરાવે છે. સમગ્ર સ્પેનમાં લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. બાર્સેલોનાના સિટી સેન્ટરમાં એક વેને ભીડવાળા વિસ્તારમાં ઘુસીને મોટી સંખ્યામાં લોકોને કચડી માર્યા હતા. આમાં ૧૩ લોકોના મોત થયા હતા. ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ત્રાસવાદી હુમલાના સંબંધમાં બે શકમંદોની ધરપકડ કરી લેવામાં આવી છે. દરમિયાન ઈસ્લામિક સ્ટેટ ત્રાસવાદી સંગઠને આ હુમલાની જવાબદારી લીધી છે. સ્થાનિક લોકોનુ કહેવુ છે કે ઘટનાસ્થળની જગ્યાએ પોલીસ અને એમ્બ્યુલેન્સ મોટી સંખ્યામાં પહોંચી ગઈ છે. ત્રાસવાદી હુમલા બાદ ઘાયલ થયેલા લોકોને તરત નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી દેવામાં આવ્યા હતા. ગોળીબારનો અવાજ પણ આવ્યો હોવાનો દાવો કેટલાક સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવી રહ્યો છે. વેનમાં રહેલા ત્રાસવાદીઓએ ચાલતા જઈ રહેલા મોટી સંખ્યામાં લોકોને કચડી નાંખવાના પ્રયાસો કર્યા હતા. ભીડવાળા આ વિસ્તારમાં વેન પહોંચી ગયા બાદ લોકોમાં અફડાતફડી મચી ગઈ હતી. હુમલા બાદ તરત જ સાવચેતીના પગલારૂપે બાર્સેલોના મેટ્રો સ્ટેશનને બંધ કરી દઈને વધુ તાપાસ હાથ ધરવામાં આવી હતી. વેનામાં રહેલા કેટલાક લોકો હુમલા બાદ ફરાર થઈ ગયા હતા. બીજી બાજુ મોટી સમગ્ર સ્પેનમાં ત્રાસવાદ વિરોધી ઓપરેશન તીવ્ર કરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે આજે સવારે હુમલાની તૈયારીમાં રહેલા પાંચ ત્રાસવાદીઓ ઠાર થયા હતા.

### કોર્ટમાં લાલુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવ ઘાસચારા કૌભાંડના ત્રણ કેસોમાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. ડીયોઘર તિજોરીમાંથી ૯૫ લાખ, છાઈબાસા તિજોરીમાંથી ૩૩.૬૦ કરોડ, દોરાંડા તિજોરીમાંથી ૪૯ કરોડ રૂપિયાની ઉચાપત સાથે સંબંધિત ત્રણ કેસમાં લાલૂ યાદવ ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. જુદા જુદા ઘાસચારા કૌભાંડ કેસના સંદર્ભમાં સીબીઆઈ કોર્ટમાં લાલૂ યાદવ નિયમિતરીતે ઉપસ્થિત થતાં રહ્યા છે. લાલૂ પહેલાથી જ ચારા કૌભાંડમાં અપરાધી જાહેર થઈ ચુક્યા છે અને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. હાલ જામીન ઉપર છે.

### સરકારને આદેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓક્ટોબરના દિવસે હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ દયાશંકર તિવારીની બનેલી બેંચે અરજીદારની સુનાવણી કર્યા બાદ આ મુજબનો આદેશ આપ્યો હતો. ઉત્તર પ્રદેશના એડવોકેટ જનરલ રાઘવેન્દ્ર પ્રતાપસિંહ અને મેડિકલ એજ્યુકેશન વિભાગના વકીલ સંજય ભાસીનની દલીલો ઉપર સુનાવણી કર્યા બાદ આ મુજબનો આદેશ કર્યો હતો. હાઈકોર્ટ દ્વારા હવે ઉત્તર પ્રદેશ સરકાર પાસેથી જવાબની માંગ કરવામાં આવી છે. ઓક્સિજન કાંડની દેશભરમાં ચર્ચા ચાલી રહી છે.

### ત્રણ દર્દી મળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાણવા મળેલ છે. તંત્ર દ્વારા મળી આવેલ દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સ હાથ ધર્યુ છે અને કોઈ વધુ શંકાસ્પદ દર્દી મળી આવ્યા નથી. સે-૮માં મહિલાને સ્વાઈન ફલુ આવ્યો છે. આ ઉપરાંત સે-૨૮માંથી ૬૦ વર્ષીય પુરુષ દર્દી મળી આવેલ છે. ગાંધીનગર શહેરમાં પણ સ્વાઈન ફલુના કેસો વધુ ઓગસ્ટ માસમાં જ બહાર આવ્યા છે. મોડી રાત્રે ગાંધીનગર શહેરના સેકટર-૧૪માંથી પણ એક ૨૮ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જયાં તેણીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં નોંધાયેલ ૧૮ દર્દી પૈકી ૭ દર્દી સંપૂર્ણ રોગયુકત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જયારે બે દર્દીના મોત નીપજયા છે અને ૯ દર્દી હાલ સારવાર હેઠળ છે. તમામ દર્દીઓની સ્થિતિ સ્થિર અને સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

### ગેંગ ઝડપાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પીક પોકેટીંગના બે બનાવો બન્યા હતા. જેમાં બપોરે ૧ : ૩૦ કલાકે એક મુસાફરનુ રૂ ૭ હજારની રોકડ ભરેલુ પર્સ ચોરાયુ હતુ. જયારે સાંજે ૪ : ૩૦ કલાકે પણ ખિસ્સા કાતરુ ગેંગ ત્રાટકી હતી. જેમાં બે પુરુષ અને ત્રણ મહીલાએ ગાંધીનગર સરખેજ રૂટની બસમાંથી એક યુવતીનુ પર્સ શેરવી લીધુ હતુ. જો કે ડેપોના સજાગ કન્ટ્રોલર ધર્મેન્દ્ર પંડયા તેમજ અન્ય સ્ટાફના કર્મચારીઓએ આ ગેંગના શખસોને નાસતી વેળાએ ગેટ પાસેથી ઝડપી લીધા હતા. જો કે આ પૈકી એક ગઠીયો ફરાર થઈ ગયો હતો. ડેપો દ્વારા આ ખિસ્સા કાતરુ ગેંગને પોલીસને સોંપી દેવામાં આવી છે. ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવાની વાતો વચ્ચે શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં જ સલામતીના નામે મીંડુ ચિતરાયુ છે. મુસાફરો અને મહીલાઓ સલામત સવારીમાં જ સલામત નથી.